Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું. વિક્રમ સંવત્ ૧૯૬૧—ફાગણ. અંક ૮ મો.

## પ્રભુસ્તુતિ

જ્યાં છે શીતલ દેશના મૃતતણી ધારા [1]ધરા તર્પતી,
કાંતિ કે[2]વલ કીર્ણની પ્રસરતી આનંદને અર્પતી;
જે આ ભા[3]રત ભૂમિ રૂપ ગગને ઉલ્લાસને આચરે,
તેવા શ્રી જિન પૂર્ણ ચંદ્ર જનના કર્મા[4]ધકારો હરે. ૧

## આત્માનંદ પ્રકાશનું આશાષ્ટક.

સ્રગ્ધરા.

સ્થાને સ્થાને પ્રભાવો જિન દરશનના પૂર્ણતાથી પ્રકાશે,
અઠ્ઠાઇ આદિ સર્વે અગણિત જિનના ઉત્સવો તે વિકાશે;
ચૈત્યોમાં નિત્ય જામે જિનવર વિભુની પૂર્ણ પૂજાષ્ટરંગે[5]
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઇ ધરે આશ એવી ઉમંગે. ૫

---

૧ પૃથ્વીને તૃપ્તિ આપનારી. ૨ કેવળ જ્ઞાન રૂપ કીર્ણ. ૩ ભરતક્ષેત્ર રૂપી આકાશમાં. ૪ કર્મ રૂપી અંધકાર. ૫ અષ્ટ પ્રકારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાપે શ્રી જૈનશાલા પ્રતિપુર[1] મુદથી જૈનના બાલ સારૂ,
છાત્રો[2] માટે રચાવે અશનવસતિના [3] સદ્ગૃહો રમ્ય ચારૂ;[4]
આપે શ્રીવેતનોને[5] ધનિક જન બહુ માસિકો એક રંગે,
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઈ ધરે આશ એવી ઉમંગે. ૬
રાખીને સંપ સારો અખિલ અવનિમાં ધર્મ કીર્ત્તિ પ્રસારે,
આરાધે ધર્મ સાધે સુકૃત[6] ચરણને કર્મના વૃંદ[7] હારે;[8]
આપે દુષ્કૃત્ય[9] મિથ્યા પ્રતિ વચન ચઢે મોહની સાથ જંગે,[10]
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઇ ધરે આશ એવી ઉમંગે. ૭
ગાશે આ પત્ર નિત્યે સૂરિવર વિજયાનંદના સદ્ ગુણોને,
તેના ધર્મોપકારો સ્મરણીય કરશે જૈનના સજ્જનોને;
સેવાથી સાર્થ[11] કરશે શુભ નિજ અભિધા[12] આત્મ આનંદધારી
આરાધી એક રંગે પરમગુણિ[13] પરિવાર તેનો વિહારી.[14] ૮

# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્તા.

(પૂર્વ અંકના પ્રષ્ટ ૧૫૪ થી શરૂ.)

## પ્રકરણ ૭ મું.

## સાધ્વી વિધાશ્રીનું વર્ધ્ધમાન પુરમાં આગમન.

૧ દરેક નગરમાં. ૨ વિદ્યાર્થીઓ માટે. ૩ ખાવા અને રહેવાના આશ્રમ (બૉર્ડિંગ હાઉસ) ૪ સુંદર. ૫ માસિક સ્કોલર શીપ ૬ સુકૃતના આચરણને. ૭–૮ કર્મના સમુહ ખપાવે. ૯ 'મિચ્છામિ દુક્કડં' ૧૦ મોહની સાથે યુદ્ધમાં ચડાઇ કરે. ૧૧ સાર્થક–કૃતાર્થ. ૧૨ **આત્માનંદ પ્રકાશ** એવા નામને. ૧૩ ઉત્કૃષ્ટ ગુણવાળો શ્રી વિજયાનંદ સૂરિનો પરિવાર. ૧૪ સતત વિહાર કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાતઃ કાલનો સમય વીતી ગયો હતો. ધાર્મિક શ્રાવકો પ્રભાતની નિત્યની ધાર્મિક ક્રિયામાંથી નિવૃત્ત થઇ વ્યવહાર માર્ગે ચડતા હતા. અનેક કર્મના જાલને ઉત્પન્ન કરનાર વ્યવહાર માર્ગમાં પ્રવૃતિ કરતાં પણ આસ્તિક અને અધર્મનો ભય રાખનારા જૈન ગૃહસ્થો ક્ષણે ક્ષણે ધર્મ ભાવનાને સંભારી સંભારી ચાલતા હતા. પ્રમાદી ગૃહસ્થો માત્ર સ્વાર્થ તરફજ દ્રષ્ટિ કરી વ્યવહારના અનેક છલ કપટમાં બુદ્ધિ પૂર્વક પ્રવૃત્તિ કરતા હતા. જે પ્રવૃતિમાં લક્ષ્મીના મોહને વશ થઇ તેઓ સ્વધર્મની ઉચ્ચ ભાવના ભૂલી જતાં હતાં. આશ્ચર્યની વાત એ છેકે, તેવા ગૃહસ્થો નિત્ય નિયમિત રીતે ધર્મ ક્રિયા કરતા હોય, અંતરંગ પ્રેમથી જિન પૂજા આચરતા હોય, ગુરૂની સમક્ષ ઉત્તમ શ્રાવકતા દર્શાવતા હોય, તથાપિ તેઓ વ્યવહાર માર્ગમાં તેથી વિપરીતજ પ્રવૃતિ કરતાં જોવામાં આવેછે. તેમનો વ્યવહાર ક્ષણે ક્ષણે છલ કપટથી ભરેલો જોવામાં આવેછે. સૂક્ષ્મ જીવની દયા પાલતા હોય પણ સ્થૂલ જીવ પ્રત્યે છલ કપટતાથીજ વધ ન છતાં વધના જેવી વર્તણુક કરેછે. તેવા ધર્માભાસના આડંબરીઓ ખરેખરા ધિક્કારને પાત્રછે. આ વખતે એક સામાન્ય પુરૂષે આવી ઉપાશ્રયમાં ખબર આપ્યાકે, કોઇ સાધ્વી ઘણી શિષ્યાના પરિવાર સાથે વિહાર કરી અહીં આવેછે. આ ખબર સાંભલતાંજ વર્દ્ધમાન પુરના સંઘના અગ્રણી અને મુનિ વિચારવિજય તથા વૈભવ વિજયના રાગી કેટલા એક શ્રાવકો ઉભા થયા. બંને મુનિરાજોને વંદના કરી તે પરમ પવિત્ર સાધ્વી નો નગર પ્રવેશ કરવા પુરની બાહેર આવ્યા સ્વધર્મથી વિખ્યાત એવા એસાધ્વીના સમાચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવક સમુદાયમાં પ્રસરવાથી ઘણાં શ્રાવકો અને શ્રાવિકાઓ એકઠા થઈ ગયા. સારા મહોત્સવનો દેખાવ સ્વતઃ થઈ ગયો. સર્વ સંઘ સન્માન ભક્તિ સાથે એ સાધ્વીના સમુદાયને નગરમાં લાવ્યો અને સાધ્વીઓ માટે નિર્માણ થયેલા જુદા ઉપાશ્રયમાં તેમને ઉતાર્યા.

વાંચનારને ઉત્કંઠા થઇ હશે કે, આ સાધ્વી કોણ હશે! એ પરમ પવિત્ર સાધ્વી વિદ્યાશ્રી હતા. જેમના સચ્ચારિત્ર અને જ્ઞાન વિષે આગલ વર્ણન કરવામાં આવેલુ છે. એ સાધ્વી રત્ન પોતાના પૂજ્ય ગુરૂણીજીની આજ્ઞા લઇ સર્વ તીર્થ શિરોમણી શ્રીસિદ્ધગિરિની યાત્રા માટે રાજનગરથી વિહાર કરી નીકલ્યા છે. દૈવયોગે માર્ગમાં આવર્દ્ધમાન પુરમાં આવી ચડયા છે. એ મહા સાધ્વી જ્યારે રાજનગરથી નીકલ્યા ત્યારે તેના સાંભલવામાં આવ્યું હતું કે, પોતાનો સંસારી બંધુ ચિંતામણિ એકા એક નાશી ગયેલછે. વલ્લભીપુરમાં અમૃતચંદ્ર જેવા શ્રાવક શિરોમણિ પુત્રની મહાન ચિંતામાં આવી પડયાછે. ચિંતામણિના લોપ થવાથી વલ્લભીપુરમાં અનેક ચર્ચાઓ ઉદ્ભવીછે. પોતાના પૂર્વના સંસારી માતા પિતાની ઉપર એ એક સંકષ્ટનું વાદલ આવી પડયું છે. આ સાંભલ્યા પછી વૈરાગ્ય રંગથી રંગિત અને ચારિત્રના ચલકાટથી સુશોભિત એ સદ્ગુણી સાધ્વીને પોતાના ભ્રાતૃસબંધ વિષે કાંઈ ચિંતા થઇ ન હતી. તેમ પોતાના માતા પિતા દુઃખીછે, એવો પણ વિચાર આવ્યો ન હતો, માત્ર તેમની મનોવૃતિમાં એટલું સ્ફુર્યું હતું કે, આ સંસારનો સંબંધ હવે મારે માન્ય નથી. મારી સ્થિતિ રૂપાંતર થઇછે. મારા ચારિત્રને અંગે સર્વ પ્રાણી મારે સમાનછે. તથાપિ મારા સંસારના સંબંધને લઇ તે ઉપકારી માતા પિતાની પાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લૌકિક સ્થિતિ સુધરે તેવી મારે ઈચ્છા રાખવી જોઇએ. ચિંતામણિ એકજ પુત્રછે. તેથી તેના માતા પિતાનો મહાન મોહ તેની ઉપર વિશેષછે. તેમની મોહાત્મક દ્રષ્ટિમાં ચિંતામણિ એકજ કેંદ્ર સ્થાનછે. રમ્યમતાથી ભરપૂર એવી વૈભવ સંપતિનો ભવિષ્યનો ભોક્તા તેઓ તેનેજ જોવેછે. તેની નવયૌવના અને રૂપસંપન્ન સ્ત્રી વિમલા તરફ દ્રષ્ટિ કરતાં તેમને વિશેષ ખેદ થાય તેવું છે. આવી મોહાત્મક સ્થિતિમાં આવી પડેલા સંસારના માતા પિતાને ચિંતામણિના જવાથી ધાર્મિક વૃત્તિનો વિચ્છેદ થશે. સંસારી પિતા અમૃતચંદ્ર શેઠ પ્રતિદિન નિશ્ચિંત થઇ શ્રાવક ધર્મ આચરતા હતા, પ્રાયે ગુરૂશ્રી વિમલ વિજય નો યોગ હોવાથી તેમની પવિત્ર મનોવૃત્તિમાં ધર્મ તત્વના ઉપદેશનું સિંચન થયા કરતું હતું. અત્યારે ચિંતામણિના જવાથી તેમના ધર્માચરણમાં મોટી સ્ખલના પડશે. જ્યાંસુધી પુરૂષ સંસારના મોહમાં ફસાએલોછે. ત્યાં સુધી કદી તે ધાર્મિક હોય તોપણ સંસારી આધિ, ઉપાધિ અને વ્યાધિનો ભોગ થયા વગર રહેતો નથી.

વિશેષ ચિંતા તે થાય છે કે, એ ચિંતામણી શામાટે ગુમ થયેલ હશે તેના માતાપિતા તરફનો અસંતોષ કદિ થયો હોય તેવો સંભવ નથી. સદ્ગુણી વિમલા તરફથી પણ તેને ઉદ્વેગ થવાનું કારણ મલે તેમ નથી, એ કુલીનબાલા ધાર્મિક વૃત્તિવાલી અને પતિ ભક્તા છે. જો આ અસાર સંસાર પ્રત્યે તેને કોઇ કારણથી અભાવ થયો હોય, અથવા ગુરૂ વર્ય શ્રી વિમલવિજયજીની ભવભેદિની દેશનાથી તેના અંતરંગમાં વૈરાગ્યભાવ પ્રગટ થયો હોય, અથવા તો કોઇ શિષ્યની તૃષ્ણાવાલા ક્ષુલ્લક મુનિએ તેને ભમાવી નસાડયો હોય તો તે વલભીપુરમાંથી એકા એક ચાલ્યો જાય, તે શિવાય તેના પલા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચન થવાનો કોઈપણ હેતુ જોવામાં આવતો નથી. આમ ચિંતવન કરતા સાધ્વી વિદ્યાશ્રીએ છેવટે કહ્યું હતું કે, હે જૈનશાસનના અધિષ્ઠાયક દેવતાઓ, મારો એ સંસારી બંધુ સન્માર્ગે દોરાય તેવી પ્રેરણા કરજો. તે કોઈ મિથ્યાત્વના મહા પંકમાં લેપાશો નહીં. તે ભવપાશમાં બંધાવાને વલ્લભીપુરમાં કદિ પાછો ન આવે અને મોહમગ્ન માતાપિતાને કદિ સ્વાર્થી સુખ ન આપે, તેથી કાંઇ ચિંતા કરવાનું નથી પણ તે ગમે ત્યાં જઇ શ્રાવક કુલને દીપાવે, તેના ધાર્મિક પિતાના પ્રખ્યાત નામને નિર્મલતાથી પ્રકાશિત કરે અને આર્હત ધર્મની પવિત્ર ક્રિયાઓનો તે અધિકારી રહે એટલીજ વાંછના છે, તે દરમીયાન જો ચિંતામણીના ભાગ્ય અનુકૂલ હોય, ઉત્તમ પુણ્યની શ્રેણિ જાગ્રત હોય, શ્રાવક ધર્મની આરાધના અને અર્હંત પ્રભુની પૂજા સફલ થવાની હોય તો તે જૈન દીક્ષાથી અલંકૃત થઇ આત્માને કૃતાર્થ કરજો. મારા સંસારી બંધુને જૈન મુનિના વેષમાં જોવું તો મને કેવો આનંદ થાય ? એ પવિત્ર મુનિને ત્રિકરણ શુદ્ધિથી વંદના કરવાનો ઉત્તમ સમય મને શું કદિ પ્રાપ્ત થશે ? અહો ! મારા સંસારી ભ્રાતાને ચારિત્રથી અલંકૃત થયેલા જોવાને અને તેમને વંદના કરી ઉત્તમ ભાવના ભાવવાનો શુભ અવસર સંપાદન થાય એમ મારી અંતરંગ ઇચ્છા છે. આટલું કહી પાછા તે પવિત્ર સાધ્વી બોલ્યા કે, ભવ વાસનામાંથી મુક્ત થઈ, જન્મજરા અને મૃત્યુનો મહાસાગર ઉત્તરવા ચારિત્ર રૂપ નાવમાં હું બેઠી છું. મારો ધર્મ વિરતિ પ્રધાન છે. મારે હવે પૂર્વના સંસારનો કાંઇ પણ સંબંધ નથી. માતા, પિતા, ભ્રાતા અને અન્ય સંસારી સંબંધીઓનું સ્મરણ કરવું તેમના સુખદુઃખનું ચિંતવન કરવું અને તેમના હિતને ખાતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકલ્પ વિકલ્પ કરવા એ મારા સાધ્વીધર્મથી વિપરીત છે. તથાપિ પૂર્વ સંબંધના પાશબંધને લઈ મેં જે કાંઈ શુભાશુભ ચિંતવ્યું હોય, જે કાંઈ મનોવૃત્તિમાં વિચાર તરંગ ઉછાલ્યા હોય અને તેથી જો મલિન કર્મની છાયા લાગી હોય તો તે **મિથ્યા દુષ્કૃત** હજો.

સાધ્વી વિદ્યાશ્રીએ પૂર્વે જયારે ચિંતામણિના અદ્રશ્ય થવાના ખબર સાંભલ્યા હતા, ત્યારે આ પ્રમાણે ચિંતવ્યું હતું, તે સાધ્વી આજે વર્દ્ધમાનપુરમાં આવી ચડયાછે. પોતાનો સંસારી બંધુ ચિતામણિ ચારિત્ર ધારી થઇ મુનિ વિચારવિજયની સાથે તેજ નગરમાં રહેલછે, સાધ્વી વિદ્યાશ્રાને તે વાતની ખબર નથી. ચિંતામણિની જે સ્થિતિ જોવાની પોતે પૂર્વે ભાવના કરેલ તે સ્થિતિ પુણ્યયોગે ચિંતામણિને પ્રાપ્ત થઇ છે. ચતુર ચિંતામણિએ ચિંતામણિ જેવા જૈન ધર્મના પસાયથી યતિધર્મ સંપાદન કરેલો છે. અત્યારે ચિંતામણિ વલ્લભીપુરના નગરશેઠ અમૃતચંદ્રનો સંસારી પુત્ર નથી પણ તે શ્રી સર્વ શાસન શિરોમણિ શ્રી જૈન શાસનના પ્રવર્ત્તક શ્રી જ્ઞાતપુત્રના પરિવારનો ધર્મ પ્રભાવી પુત્ર થયેલો છે—મુનિધર્મનો ધુરંધર થયેલો છે અને ચારિત્રના તેજથી પ્રકાશતો ભવતારક ભુવનગગનનો તારો બનેલો છે.

સાધ્વીઓના પરિવાર સાથે વર્દ્ધમાનપુરના ઉપાશ્રયમાં સાધ્વી વિદ્યાશ્રીએ વિશ્રામ લીધો. નગર પ્રવેશના મહોત્સવમાં ભાગ લેવા આવેલા શ્રાવક શ્રાવિકાઓ તેમના આતિથ્ય માટે અનેક પ્રાર્થના કરતા હતા તે સમયે જ્ઞાન ગૌરવથી પ્રકાશિત એવા સાધ્વીશ્રીએ એટલો એક ઉપદેશઆપી સંઘના અગ્રણી લોકોને પુછ્યું—શ્રાવકજી, આ નગરમાં દેરાસર કેટલા છે ? કોઈ મુનિરાજનો યોગ છે કે નહીં?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવ્રતા મહાશયાના આ વચન સાંભળી. વર્દ્ધમાનપુરના સંઘપતિએ વિનયથી અંજલિ જોડી કહ્યું. પૂજ્ય ગુરૂણીજી, આ નગર પ્રાચીન છે, કલ્પ સૂત્રમાં અસ્થિગ્રામથી ઓલખાતું જે નગર તે આ છે. અહિં નગરની બાહેર શ્રી મહાવીર સ્વામીના પગલા અને શૂલપાણિ યક્ષની પ્રતિમાં છે, તે શિવાય સેહેરની વચ્ચે એક ભવ્ય જિનાલય છે. હાલ બે મુનિવર અહિં વિચરે છે. તેમના **વિચારવિજય** અને **ચંદ્રવિજય** એવા નામ છે મુનિ **ચંદ્રવિજય** ને તેમના ગુરૂ **વૈભવવિજય** એવા નામે પણ બોલાવે છે. તેઓની દેશના સર્વોત્તમ છે. વર્દ્ધમાનપુરની શ્રાવક પ્રજા તેમની અપૂર્વ દેશનાનો લાભ લેછે. તે સાંભલતાંજ સાધ્વીજી જિનાલયના અને તે મુનિઓના દર્શન કરવાને ઉત્સુક થયા વર્દ્ધમાનપુરનો શ્રાવક સમુદાય પોતપોતાને સ્થાને જવા લાગ્યો. કોઈ કોઇ શ્રદ્ધાલુ શ્રાવક સાધ્વીજીને ચૈત્ય તથા મુનિઓના વસતિ સ્થાન બતાવવા બેસી રહ્યા. પોતાના ઉચિત ઊપકરણો મુકી વિશ્રાંત થઇ સાધ્વીજી શિષ્યાઓના પરિવાર સાથે બેઠા થયા. અવશિષ્ટ રહેલા શ્રાવક શ્રાવિકા તેમના ચરણની રજના સ્પર્શથી પવિત્ર થતાં સાથે ચાલ્યા. સર્વ સમાજ જિનાલયના દર્શન કરી મુનિ **વિચારવિજય** અને **ચંદ્રવિજય**ના ઊપાશ્રય તરફ વળ્યો.

અપૂર્ણ.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી.

### (ગત અંકના પૃષ્ટ ૧૬૧ થી શરૂ.)

આ પ્રમાણે કહી રૂષિદત્તા વિરામ પામી. તેના નેત્રમાં માત્ર પ્રેમને લીધે અશ્રુ ધારા ચાલવા લાગી. છેવટે પ્રયાણના પ્રણામ કરી રૂષિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દત્તા પોતાના પતિ રૂદ્રદત્તની સહ ચારિણી થઇ. બંને દંપતી સર્વથી છુટા પડયા પછી સ્વદેશ તરફ રવાને થયા. રૂદ્રદત્ત કપટ શ્રાવક બની રૂષિદત્તાને પોતાના વતનમાં લાવ્યો. પુત્ર દર્શનની આતુરતાથી દુઃખી એવા માતા પિતાને મલ્યો. પુત્રને રૂપવાન વધૂસાથે આવેલો જોઇ તેઓ અપાર હર્ષ પામ્યા.

રૂદ્રદત્તનું કુટુંબ મિથ્યાત્વી હતું. શ્રાવક કુલની પવિત્ર રહેણી કરણી તેના કુલમાં હતી નહીં. તે કુદેવ, કુગુરૂ અને કુધર્મને માનનારો હતો. મિથ્યાત્વની મલિન છાયા તેના કુટુંબ ઉપર પૂર્ણ રીતે પડી હતી તેના કુટુંબના આચાર વિચાર શ્રાવકાચારથી વિપરીત હતા. જીવ દયાની પવિત્ર લાગણી તેનાથી દૂર હતી. ગાલ્યા વગરના જલનો ત્યાં ઉપયોગ થતો હતો. શારીરિક સંસ્કાર માટે અપ્રાસુક જલ વપરાતું હતુ. દરેક શારીરિક ક્રિયા જતના વગર કરવામાં આવતી હતી. રાત્રિ ભોજનનો દુરાચાર તેમનામાં સારી રીતે પ્રવર્તતો હતો. વિનય, દયા, સમાનભાવ, ઉપશમ અને ભાવના એ આર્હત ધર્મના સદ્ગુણો તેમનામાં બીલકુલ જોવામાં આવતા નહતા.

આવા મિથ્યાત્વી કુટુંબના સંસર્ગમાં રૂષિદત્તા સંસક્ત થઇ. એ શ્રાવકની સુતાને પ્રથમતો તેમના તરફ તિરસ્કાર થતો હતો પણ કપટ માં કોવિદ રૂદ્રદત્તે તેને મોહ વશ કરી મિથ્યાત્વના સંસ્કાર સાથે શનૈઃ શનૈઃ જોડી દીધી હતી. મિથ્યાત્વની મલિનતામાં તે પ્રતિ દિન લિપ્ત થતી ગઇ. સ્ત્રીઓને પ્રાયે કરીને પતિની અનુકૂલતા સાચવવી પડેછે. ગમે તેવી દ્રઢતા વાલી ગમે તેવી ધર્મચુસ્ત વનિતાઓ હોય પણ તે પુરૂષની પ્રબલ પ્રકૃતિની આગલ ટકી શકતી નથી. તે શ્રાવક શિરોમણિ રૂષભસેનની પુત્રી અત્યારે રૂપાંતર ને પામી ગઈ હતી. શ્રાવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલના સદાચારથી તે વિમુખ થઈ હતી. હું કોણછું, મારા પિતાનો ધર્મ કયોછે? ઈત્યાદિ પશ્ચાતાપ કરવાનો અવકાશ પણ તેના મિથ્યાત્વી હૃદયમાં ઉદ્ભવ્યો નહીં. રૂદ્રદત્તે પોતાની કપટ જાલમાં એક ઉત્તમ કુલની શ્રાવિકાને ફસાવી દીધી. આલોક અને પરલોકમાંથી એક નિર્દોષ બાલાને ભ્રષ્ટ કરી પરમ શ્રેય કરનાર સમકિતના દિવ્ય શૃંગારથી રહિત કરી દીધી.

સંસર્ગનો દોષ સર્વથી પ્રબલછે. તેમાં મલિન સંસર્ગ વિશેષ બલવાનછે. આમ્રવૃક્ષ અને લીંબડાના મૂલ એકઠા થાયતો લીંબડાના સંસર્ગથી આમ્રવૃક્ષ લીંબડાના ગુણને પામેછે. દુર્ગંધી પવન સુગંધ નો પરાભવ કરેછે. સર્વ વર્ણની ઉપર કૃષ્ણ વર્ણ વિશેષતાથી વ્યાપેછે. તેવી રીતે તે રૂષિદત્તના સંસર્ગથી તે ભ્રષ્ટ થઇ ગઈ હતી.

## પ્રકરણ ૮ મું.

## પશ્ચાત્તાપ.

સાયંકાલનો સમય હતો. ભાનુના કિરણો પોતાનું કર્ત્તવ્ય પૂર્ણ કરી એક પછી એક એમ અંતર્ધાન થતા હતા. જગતની જાગ્રત અવસ્થા નો છેડો આવતો હતો. આ સમયે એક કિશોર વયનો પુત્ર માતાની સાથે બેઠો હતો. તે નવ યૌવન રંગિત કુમારને જોઈ માતા મનમાં આશાના તરંગ ઉછાલતી હતી. પુત્રના પ્રેમથી માતૃવાત્સલ્ય પ્રદર્શિત થતું હતું.

વાંચનાર, અધીરા થશો નહીં એ માતા અને પુત્રને તમને ઓલખાવવામાં આવશે. એ માતા તે આર્હત ધર્મથી ભ્રષ્ટ થયેલી રૂષિદત્તાછે તે કુમાર તેનો મહેશ્વરદત્ત નામે પુત્રછે. તે નવ યૌવનમાં આવેલોછે. આ સમયે પુત્રને જોઇ માતા રૂષિદત્તા અનેક સંકલ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકલ્પ કરતી હતી. પુત્ર તરફથી પોતાને થવાના ભવિષ્યના લાભ માટે અને પુત્રના ગૃહસ્થાવાસને માટે નવ નવા મનોરથ કરતી હતી.

આ સમયે એક પુરૂષ વર્દ્ધમાન નગરથી આવ્યો. માતા અને પુત્ર જ્યાં બેઠા હતા, ત્યાં તે હાજર થયો. રૂષિદત્તાએ તેને સ્વાગત કરી કુશલતા પુછી. તે પુરૂષે નમ્રતાથી કહ્યું, બેન રૂષિદત્તા, જો તમને ખોટું ન લાગેતો હું એક અઘટિત સંદેશો કહેવા આવ્યોછું. વર્દ્ધમાનપુરથી શેઠ રૂષભસેન અને શેઠાણી વીરમતીએ મને મોકલ્યોછે. તમો ઘણાં વર્ષ થયા વર્દ્ધમાનપુરમાં આવ્યા નથી. પિતૃગૃહમાં આવવાની તમારી ઉત્કંઠા થતી હશે. પુત્રીનો પ્રેમ માતાને મલત્રા વિશેષ હોયછે, અને માતાઓ પુત્રી તરફ વિશેષ માયાલુ હોયછે. એવા કારણથી તમે ઘણીવાર પિતૃગૃહમાં આવવાના સંદેશા મોકલોછો પણ તમને ત્યાં તેડી લાવવાને તમારા માતા પિતાની ઇચ્છા નથી. તેઓ તમને જોઇ આનંદ પામવાના નથી. એ વાત જાણવા ખાસ મને મોકલ્યોછે. તમારા પૂજ્ય માતા પિતાએ કહ્યુંછે કે, "પુત્રી રૂષિદત્તા તું શ્રાવક ધર્મથી ભ્રષ્ટ થઇછું. તારા પિતાની જે પ્રતિજ્ઞા હતી તે તારા પતિ રૂદ્રદત્તે કપટથી ભંગ કરી છે. તેણે મિથ્યાત્વી છતાં કપટથી શ્રાવક બની અમને છેતર્યા છે. કદિ તેવો મિથ્યાત્વી મલિન પુરૂષ તેવું કામ કરે પણ તારા જેવી કુલીન શ્રાવિકા તેવા દુષ્ટ પતિને અનુસરી શ્રાવક ધર્મ છોડી દે એ કેવી વાત ? કુલીન શ્રાવિકાઓ ગમે તેટલું સુખ હોય તોપણ મિથ્યાત્વનો અંગીકાર કરતી નથી. કદિ વિપત્તિ પડે તે સાહન કરવી પણ પોતાનો ધર્મ છોડી દેવો ન જોઇએ. પુત્રી, અમે સાંભળ્યું છે કે, તેં આર્હત ધર્મનો ત્યાગ કર્યો છે. તારા હૃદયમાં મલિન સંસ્કારોએ વાસ કર્યો છે. તારા આ કૃત્યથી અમને લજ્જા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. અમારા પવિત્ર શ્રાવક કુલને તેં કલંકિત કર્યું છે. પુત્રી, જો તારી ઉપર મહા સંકષ્ટ પડયા હોત તો તે સહન કરવા હતા પણ આવું અનુચિત કાર્ય કરવું ન હતું. આવા મલિન કર્મથી તેં તારો માનવ ભવ બગાડયો છે અને તારા જન્મથી પવિત્ર એવા આત્માને નારકીનો અધિકારી કર્યો છે. તારા જેવી મિથ્યાત્વમાં મગ્ન થયેલી પુત્રીનો સંસર્ગ કરતાં અમને ભય લાગે છે. અને તને વિશેષ કહેવાથી પણ અમને કર્મ બંધનનો ભય લાગેછે. તારા હિતની ખાતર આ સંદેશો કહાવ્યો છે. જેને તું ક્રોધ શોકાદિ કર્યા વગર ઉપદેશ રૂપ માની લેજે."

આ પ્રમાણે કહી તે પુરૂષ વિરામ પામ્યો, એટલે રૂષિદત્તા બોલી ભાઇ, માતા પિતા એજે કહાવ્યું છે, તે યોગ્યછે. મારા કર્મ યોગે હું ધર્મ ભ્રષ્ટ થઈછું. સ્ત્રી જાતિનો ચપલ સ્વભાવ મેં બરાબર સાર્થક કર્યોછે. શ્રાવક કુલની બાલિકા મારા જેવી થશે નહી. આ અધમ પુત્રીએ શ્રાવક કુલમણિ રૂષભસેનશેઠ જેવા પિતાના કુલને કલંકિત કર્યુંછે. પરમ શ્રાવિકા વીરમતીની કુક્ષિને લજ્જા પાત્ર કરેલછે. ભદ્ર, તમારા કહેવાથી મને કાંઇ પણ ખોટું લાગ્યું નથી. મારા માતા પિતાએ જે સંદેશો કહ્યોછે તે સત્યછે. હું હવે એ પવિત્ર પિતગૃહમાં જવાને યોગ્ય નથી. મારા જવાથી પિતગૃહ અપવિત્રજ થઈજાય. મારા જેવી અધમ પુત્રીઓ શ્રાવક કુલમાં ઉત્પન્ન થશે નહીં. ચિંતામણિ જેવા જૈન ધર્મને પ્રાપ્ત કરી મલિન મિથ્યાત્વમાં લિપ્ત થવું, એ કેવું અનુચિત કાર્ય કહેવાય? આ અધમ રૂષિદત્તાને હવે પિતગૃહના દર્શન થશે નહીં. તેના પ્રેમી પિતા અને માયાલુ માતા આ અપવિત્ર પુત્રીનું મુખ જોશે નહીં. આટલું કહે તાજ રૂષિદત્તા રોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી તેના નયનમાંથી શોકમય અશ્રુની ધારા ચાલવા લાગી.

રૂષિદત્તાને રૂદન કરતી જોઇ પેલા આવેલા પૂરૂષને દયા આવી ગઇ. તેના નેત્રમાંથી અશ્રુના બિંદુઓ ટપકવા લાગ્યા. તે પુરૂષ બોલી શકયો નહીં ગદ્ ગદ્ કંઠથી રૂષિદત્તાની રજા માગી ચાલતો થયો. પોતે આવો શોકાત્મક સંદેશો લાવ્યો, તેને માટે પોતાને ધિક્કારવા લાગ્યો. રૂષિદત્તાના ગૃહનું આતિથ્ય લીધા વગર પરભાર્યો તેણે વર્દ્ધમાન નગરનો માર્ગ લીધો. ક્ષણ વારે રૂષિદત્તાએ અશ્રુ લુંછી જોયું, ત્યાં તે પુરૂષને જોયો નહીં. તેનું આતિથ્ય થયું નહીં, તેને માટે તેણીને અપશોષ થયો પણ તેણે વિચાર્યુંકે, શ્રાવક કુલનો સેવક મિથ્યાત્વીના ઘરનુ આતિથ્ય કેમ ગ્રહણ કરે? તેથી તે ચાલ્યો ગયો હશે. આ બધું જોઈ યુવાન પુત્ર મહેશ્વરદત્ત વિચારમાં પડયો. છેવટે પોતાની માતાને ધીરજ આપી પોતાના મોશાલની સર્વ હકીકત જાણી લીધી.

## પ્રકરણ ૯ મું

## મહેશ્વરદત્ત મોશાલમાં.

રૂષિદત્તા અને મહેશ્વરદત્ત વર્ધ્ધમાન પુરની વાર્તા કરતા હતા ત્યાં રૂદ્રદત્ત આવી ચડયો. રૂદ્રદત્તે રૂષિદત્તાને શોક કરતી જોઈ કહ્યુ. ભદ્રે, તમારો મુખચંદ્ર કેમ ગ્લાનિ પામ્યોછે? સર્વદા મંદ હાસ્યથી વિકાશિત રહેનારા મુખમંડલ ઉપર શોકની છાયા કેમ પ્રસરીછે? મહેશ્વરદત્તની સામું જોઈ કહ્યું, વત્સ, તારી માતા કેમ રૂદન કરેછે! તારા જેવો સમર્થ પુત્ર હોય ત્યાં માતાને શોક થાય એ કેવી દીલગીરી! સમર્થ સંતતિવાલી માતા એ કદિ પણ શોકનું પાત્ર થતી નથી. પુત્ર, આ વખતે હું એક શુભ સમાચાર કહેવા આવ્યોછું. તારી માતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની શોકમય સ્થિતિ જોઈ મારો ઊલ્લાસ ભગ્ન થઈ ગયોછે. રૂદ્રદત્તના આવા વચન સાંભલી મહેશ્વરદત્ત શરમાઈ ગયો. તે કાંઈ પણ બોલ્યોં નહીં. પોતાની માતાની આજ્ઞા વિના કાંઇ પણ કહેવું તે તેને અનુચિત લાગ્યુ. મહેશ્વરદત્ત જ્યારે કાંઇ પણ કહ્યું નહીં એટલે પોતાના આજ્ઞાંકિત પુત્રની મર્યાદા સાચવવાને રૂષિદત્તા બોલી-સ્વામી, શોક થવાનું સહેજ કારણ હતું તે આપને આ વખતે કહી સંભલાવવું મને યોગ્ય લાગતું નથી. પ્રસંગે જણાવીશ. કૃપા કરી જાણવાનો આગ્રહ કરશો નહીં. તમે શુભસમાચાર શું લાવ્યાછો? તે જાણવાની ઉત્કંઠાછે. તમારા જાણ્યા પછી શોક દૂર થઇ જશે. તો આ દાસી ઉપર કૃપા થશે.

રૂષિદત્તાના આવા વચન સાંભલી રૂદ્રદત્ત બોલ્યો—પ્રિયા આજે એક પુરૂષ નર્મદાપુરીથી આવ્યો હતો. તે વ્યાપારને પ્રસંગે મને મલવા આવ્યો હતો. વાર્તા પ્રસંગે તેને મને જણાવ્યું કે, નર્મદાપુરીમાં **સહદેવ** નામે એક ધનવાનછે, તેને **નર્મદાસુંદરી** નામે એક પુત્રીછે. તેના જેવું સ્વરૂપ અત્યારે ભારત વર્ષમાં કોઇ સ્થાનેજછે. જેવુ તેનું અનુપમ સૌંદર્યછે, તેવું તેનામાં સતીત્વછે. એ રમણી માનુષી છતાં દિવ્ય કન્યા જેવી લાગેછે. તેનામાં સર્વ ગુણો એ સ્વતઃ વાસ કરેલોછે. તે સતી રત્નનો નવ યૌવનમાં પ્રવેશ થયોછે. તેને લીધે તેના પિતા સહદેવનો ચિંતામાં પ્રવેશ થયોછે. તેવી પુત્રી રત્નને યોગ્ય પતિ શોધવામાં તે અહર્નિશ ચિંતવન કર્યા કરેછે. તેના આવા વચન સાંભલી મેં વ્યાપારીને જણાવ્યું કે, એ સહદેવ મારોશાલો થાયછે. તેની બેન રૂષિદત્તાનો હું પતિછું. રૂષિદત્તાથી મહેશ્વરદત્ત નામે એક મારે પુત્ર થયેલછે. તે સર્વ ગુણસંપન્નછે. મારે પોતાના પુત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશંસા કરવી તે યોગ્ય નથી તથાપિ તેની પરોક્ષ પ્રશંસા કરવામાં દોષ નથી. પુત્ર મહેશ્વરદત્ત બાલ્ય વયથીજ કલા કૌશલ્યમાં નિપુણછે. માતા પિતાની આજ્ઞા પ્રમાણે વર્તનારોછે. તે અદ્યાપિ વિવાહિત થયો નથી.

મેં આ પ્રમાણે કહ્યું, એટલે તે પુરૂષ બોલ્યો—ભદ્ર, તમે સહદેવના સંબંધીછો એ જાણી મને વધારે હર્ષ થયોછે. સહદેવનું કુટુંબ નર્મદાપુરમાં ધાર્મિક કુટુંબ ગણાયછે. તેના ગ્રુહસ્થાવાસમાં શ્રાવકના સદાચાર વાસ કરી રહેલાછે. તેની સુંદર પુત્રી નર્મદા સુંદરી ધર્મ રાગથી રંગિતછે. તેણીમાં સ્વભાવથીજ સતી ધર્મનું પવિત્ર તેજ ઝલકેછે એ બાલાનો વિવાહ સંબંધ જો તમારા પુત્ર મહેશ્વરદત્ત સાથે થાયતો તે સુવર્ણ સાથે રત્નતો યોગ થવા જેવુ છે. વળી મહેશ્વરદત્ત સર્વ રીતે માતુલ પુત્રી સાથે પરણવા અધિકારીછે. ભદ્ર, જો તમારી ઇચ્છા હોયતો આ સમાચાર સહદેવ શેઠને હું પોતેજ જણાવું. સહદેવ તમારા સંબંધને લીધે એ વાતનો હર્ષથી સ્વીકાર કરશે અને થોડા સમયમાં તેના ભાણેજ મહેશ્વરદત્તને પોતાને ઘેર બોલાવશે. આટલું કહી તે પુરૂષ વ્યાપારના કાર્યને લઈ અત્યારે વીદાય થયોછે. મે કાર્ય કરવાને તેને હર્ષથી સંમતિ આપેલીછે. તેને વિદાય કર્યા પછી આ શુભ સમાચાર તમને નિવેદન કરવા હું અહીં આવ્યોછું. કહો, કેવા આનંદની વાત? હવે તમારા હૃદયમાં શામાટે શોક રહે? શોકના અંધકારને દૂર કરવા આ વૃત્તાંત તમને શીતલ તેજ વાલા ચંદ્ર જેવું થશે.

અપુર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા

(અનુસંધાન ગત અંકના પ્રષ્ટ ૧૬૬ થી.)

પ્રતિદિનના નિયમ પ્રમાણે શ્રી વિમલચંદ્ર સૂરિ પ્રતિક્રમણાદિ ક્રિયા કરી પ્રસન્ન ચિત્તે બેઠા હતા. આજે વિદ્વાન શિષ્યો કેવા પ્રશ્ન કરશે તે વિષે ઉત્કંઠા રાખતા હતા. તે સમયે સર્વ જિજ્ઞાસુ શિષ્યો એકત્ર થઇ વિચાર કરતા હતા. કે, આજે કેવા પ્રશ્ન કરવા? છેવટે નિર્ણય કર્યોકે, જેના હૃદયમાં જે પ્રશ્ન કરવાની સ્ફુર્ત્તિ થાય તે સર્વની સમક્ષ પ્રગટ કરવી. તેવામાં એક બુદ્ધિમાન શિષ્યે આ પ્રમાણે કહ્યું, ભદ્ર, આપણે શાસ્ત્રથી નરકનું સ્વરૂપ જાણીએ છીએ; પણ તે દ્રવ્યથી જાણીએ છીએ પણતે ભાવથી નરક કેવું હોવું જોઇએ. જે પીડા નારકી અનુભવેછે, તેવી પીડા પ્રાણીને ભાવ સ્વરૂપે કઈ સ્થિતિમાં થાયછે? તે આપણે જાણવું જોઇએ. આપણા વિદ્વાન ગુરૂ મહારાજના મુખથી તે નરકનું સ્વરૂપ જાણી આપણને અપુર્વ લાભ થશે. અને આપણા ચારિત્રાચારમાં પ્રવર્તન વિષે આપણને ઉત્તમ અવલંબન પ્રાપ્ત થશે. તે સાંભલી મુનિ મંડલ હર્ષ પામ્યુ અને તેના સદ્ વિચારને સર્વથી અભિનંદન મલ્યુ.

ક્ષણવાર પછી બીજા વૈરાગ્યભૂષિત વિદ્વાન્ અનગાર બોલી ઉઠયા- મુનિવરો, આ જગતમાં ખરૂં સુખ કયું? સુખ શબ્દનો અર્થ ગમે તે પોત પોતાની અનુકૂલતા પ્રમાણે કરેછે. કેટલાએક જેથી મનને આનંદ થાય તે સુખ માનેછે. તે આનંદ કેવા પ્રકારનોછે? ક્ષણિકછે સ્થાયી છે? તેનું પરિણામ કેવુ છે? અને તેથી કેવી જાતનું સુખ થાયછે? ઈત્યાદિ સુખને માટે અનેક રીતે વિચારવાનુંછે તો ખરેખરૂં સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું કહેવાય? તે આપણે જાણવું જોઈએ. આપણા મુનિ ધર્મમાં પણ અમુક પ્રકારના સુખની અપેક્ષા રહેછે, માટે તે વિષે પ્રશ્ન કરવાની જરૂરછે. તે સાંભલતાંજ સર્વ મુનિઓએ આનંદ પૂર્વક તેમાં સંમતિ આપી.

ત્રીજા સત્ય ઉપર પ્રીતિવાલા મુનિએ જણાવ્યું, ભદ્ર, મારી ઈચ્છા સત્ય જાણવાનીછે. મૃષાવાદ ન બોલવો તે સત્યછે, એમ આપણે જાણીએ છીએ પણ ખરૂ સત્ય કયું? તે આપણા પરમ પૂજ્ય ગુરૂશ્રીના મુખથી જાણવું જોઈએ. સત્યતત્ત્વના જ્ઞાનથી આપણા ચારિત્રને પુર્ણ પુષ્ટિ મલશે તેમજ ગૃહ ધર્મના અધિકારને સ્વધર્મમાં ઉત્તેજન મલશે, માટે તે વિષે આપણે ત્રીજું પ્રશ્ન કરીએ. તે મુનિના આ વિદ્વત્તા ભરેલા વિચારને સર્વેએ સાનંદાશ્ચર્ય સાથે અભિનંદન આપ્યું.

ચોથા એક કુશાગ્ર બુદ્ધિવાલા મુનિએ જણાવ્યુ કે, આ જગતમાં પ્રિય વસ્તુ શાછે? તે આપણે જાણવું જોઇએ. જે વસ્તુનારક્ષણથી પ્રાણી આનંદ પામે, જેને માટે પ્રાણી સર્વદા ભય રાખ્યા કરે તેવો પ્રિય પદાર્થ કયોછે? તેજો સૂરિશ્રીના મુખ કમલથી જાણવામાં આવશે તો આપણા જ્ઞાનમાં સારો વધારો થશે' તે સૂક્ષ્મ બુદ્ધિવાલા શિષ્યના પ્રશ્નને સર્વે મલી ઉત્સાહ આપ્યો આ ચાર પ્રશ્નોના સદ્બોધક ઉત્તર સાંભલવા તેઓ તત્પર થયા.

પછી સર્વે મલી વિનય પૂર્વક પોતાના ગુરૂવર્યની પાંસે આવ્યા અને અંજલિ જોડી આ પ્રમાણે પ્રશ્ન કર્યો " को नरक" "ખરૂં નરક કયું "સૂરિશ્રીએ ક્ષણવાર વિચારી કહ્યું" "परवशता " પરાધીન પણું તે સાંભલતાંજ સર્વ મુનિમંડલ સાનંદાશ્ચર્ય થઈ ગયું. પછી બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન કર્યો "किं सौख्यं" "ખરૂં સુખ કયું?" સૂરિવર્ય તરતજ બોલ્યા "सर्वसंग विरति" "જે સર્વ સંગથી વિરામ પામવું, તે ખરૂં સુખછે." આ ઉત્તર સાંભલતાંજ તેમને વિશેષ આનંદ થઇ આવ્યો. પછી તત્કાલ ત્રીજો પ્રશ્ન કર્યો- "किमसत्यं" સત્ય શું? ગુરૂવર્યે ક્ષણવાર વિમર્શ કરી બોલ્યા. "भूतहितं" "સર્વ પ્રાણી માત્રનું હિત કરવું તે ખરૂં સત્યછે." આ ઉત્તર શ્રવણ કરતાંજ તેમના ચારિત્રમય આત્માને પરમ આલ્હાદ પ્રાપ્ત થયો. ક્ષણવારે મુનિમંડલે પુનઃ ચોથો પ્રશ્ન કર્યો. "किंप्रेयः प्राणिनाम्" "પ્રાણીઓને પ્રિય શું છે? ગુરૂશ્રીએ તાત્કાલિક ઉત્તર આપ્યો "असवः प्राण" આ ઉત્તરથી પણસર્વે શિષ્યો અંતરંગ આનંદને પ્રાપ્ત થયા.

ઊપરના ચાર પ્રશ્નો ઉપર વિવેચન કરતાં સૂરિ પ્રિય શિષ્યો, પ્રથમના પ્રશ્નોત્તરમાં કહેવામાં આવ્યું કે, "પરાધીનપણું એ ખરૂં નરક છે" તે વિષે તમારે બુદ્ધિબલથી વિચાર કરવો. આ જગતમાં વિરત કે અવિરતને પરાધીનતામાં મહત્ દુઃખછે, જ્યાં સુધી માણસ સ્વતંત્રતાનો આનંદ ભોગવતો નથી ત્યાં સુધી તેનું જીવિત નારકીના જેવી સ્થિતિ ભોગવેછે. જોકે અમુક રીતે પરાધીનતા સુખદાયક ગણેલી છે પણ તે ઉત્તમ સદ્‌વૃતને અનુસરીને છે, જેમકે શિષ્ય ગુરૂની આજ્ઞાને લઇ પરાધીનછે, પુત્ર પોતાના માતા પિતાની આજ્ઞાને લઇ પરાધીનછે અને કુલીન કાંતા પતિની આજ્ઞાને લઇ પરાધીનછે પણ તે પરાધીનતા પરિણામે તેમના ઉત્તમહિતનું પોષણ કરનારીછે પણજે પરાધીનતા સેવ્ય સેવક ભાવે કે મોહાત્મક ભાવે રહેલી હોય તેજ અધમ પરાધીનતાછે અને તેવીજ પરાધીનતા નરકની વેદના સમાનછે તેવી પરાધીનતા વાલો ચિંતા મગ્ન માણસ અધમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ ભોગવે છે. જેવી માનવ જીવનમાં પરાધીનતા દુઃખ દાયક છે, તેવી તિર્યંચના જીવનમાં પણ છે. પાંજરામાં પૂરાએલા શુક વિગેરે પક્ષિઓ અને વાહનની પરાધીનતા ભોગવનારા અશ્વ બેલ વિગેરે પશુઓ વનમાં સ્વતંત્ર વિચરનારા પશુ પક્ષી જેવા સુખી હોતાનથી. એથીજ કહ્યું છે કે, "પરાધીનતા એજ ખરૂં નરક છે."

બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે "જે સર્વ સંગથી વિરામ પામવું તે ખરૂં સુખ છે." એ પણ તમારા અનુભવની વાર્તા છે. ગૃહસ્થાવાસમાં સ્ત્રી પુત્રાદિકના સંગમાં પડેલા મોહી મનુષ્યોના કરતાં સ્વેચ્છાએ વિચરતા અને નિઃસંગ થઇ ફરતા મુનિવરો કેવા સુખી છે! સંગના મહા દોષથી દૂર રહેવા માટે જૈન શાસ્ત્ર વારંવાર પ્રતિબોધ આપ્યા કરે છે. ચારિત્ર ધારણ કર્યા પછી પણ સંગના મહા દોષથી દૂર રહેવા મુનિઓને વારંવાર તેમના આચારના સૂત્રાત્મક સિદ્ધાંતો બોધ આપે છે, અને જ્યાં તેઓના પૂર્વના સંસારી સંબંધીઓ વસતા હોય ત્યાં વિશેષ પ્રસંગ રાખવાની મના કરે છે. શિષ્યો, આ પ્રશ્નોત્તરથી તમારે સર્વોત્તમ બોધ લેવાનો છે. જ્યારે સર્વ સંગની વિરતિ પ્રાપ્ત થાય તો પછી સ્વતઃ સુખજ સંપાદન થાય છે. વિવિધ પ્રકૃતિના મનુષ્યો અનેક પ્રકારે સુખ માની બેસે છે. પણ તે સુખ મધુ બિંદુના દ્રષ્ટાંત જેવું છે. જ્યાં સુધી સર્વ સંગથી વિરતિ સંપાદન થઈ ન હોય ત્યાં સુધી કોઇ પણ સ્થાને ખરૂં સુખ મલતુંજ નથી. માટેજ કહેવામાં અવ્યું છે, કે "જે સર્વ સંગથી વિરામ પામવું તેજ ખરેખરૂં સુખછે"

ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "સર્વ પ્રાણી માત્રનું જે હિત કરવું, તેજ ખરેખરૂં સત્યછે" શિષ્યો, આ ઉત્તર સર્વ મનુષ્યમાત્રને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત્ હૃદયમાં મનન કરવા યોગ્યછે. સત્ય શબ્દનો અર્થ ખરી રીતે પ્રાણીમાત્રના હિતમાં સમાયછે સત્ય એટલે સાચું, તે વચનથી ક્રિયાથી અને સ્વધર્મથી થઇ શકેછે કોઇનું હિત કરવું તે સત્ય હોયતોજ થઇ શકેછે. સર્વથા હિત કરવાની બુદ્ધિનો સંબંધ સત્યની સાથેજ રહેલછે. જે મનુષ્ય સત્પ્રવર્તનમાં રહેતો હોય, તેનામાં સર્વનું હિત કરવાની બુદ્ધિ સ્વતઃ ઊદ્‌ભવેછે. જેના શુદ્ધ અને પવિત્ર હૃદયમાં સર્વના શુભ ચિંતન રૂપ વિચારની શ્રેણી ચાલ્યા કરેછે. તે ખરેખરો સત્ય માર્ગનો અનુયાયીછે. જ્યાં સત્ય હોય ત્યાં સર્વ તરફ હિત બુદ્ધિ હોયછે. અને જ્યાં સર્વ તરફ હિત બુદ્ધિ હોય ત્યાં સત્ય હોયછે. તેથીજ કહેવામાં આવ્યું છેકે, "સર્વ પ્રાણીમાત્રનું હિત કરવું. તેજ ખરેખરૂં સત્યછે" ચોથા પ્રશ્નોત્તરમાં કહ્યુંકે "પ્રાણીઓને સર્વથી પ્રિય પ્રાણછે" શિષ્યો આ પ્રશ્નના ઊત્તર વિષે જેટલું વિવેચન કરીએ તેટલું થોડુંછે. તેમજ તે વિષે તમો પણ સારી રીતે જાણોછો. પ્રાણીઓને સર્વથી પ્રથમ સંભાલવાનું એજ હોયછેકે, પોતાના પ્રાણનું રક્ષણ કરવું. પ્રાણની રક્ષા માટે પ્રાણીઓ સર્વ જાતના પ્રયત્ન કરેછે જગતમાં સર્વને જીવન જાળવાની પ્રબલ ઇચ્છા હોયછે. એવા ઊત્તમ હેતુથીજ આપણા સનાતન ધર્મમાં અહિંસાનો બોધ કરેલોછે, પ્રાણનો વિયોગ કરાવવો એ હિંસા શબ્દનો અર્થછે. સર્વને પ્રાણ પ્રિય હોયછે અને તેવી બીજી પ્રિય વસ્તુ તેના સમગ્ર જીવનમાં કોઇ પણ સ્થાને હોતી નથી તેથીજ કહેવામાં આવ્યું છેકે, "પ્રાણીઓને ખરી પ્રિય વસ્તુ પ્રાણછે"

આ પ્રમાણે ચારે પ્રશ્નો ઉપર વિવેચન થયા પછી સુરિશ્રી વિરામ પામ્યા અને તેમના ગુરૂ ભક્ત શિષ્યોએ વિનયથી વંદના કરી તે સદ્‌બોધક ગાથાને નીચે પ્રમાણે કંઠસ્થ કરી લીધી—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



को नरकः परवशता किं सौख्यं सर्व संगविरतिर्या ।
किं सत्यं भूतहितं किं प्रेयः प्राणिनामसवः ॥१२॥

શિષ્ય—નરક કયું

ગુરૂ—પરાધીનતા.

શિષ્ય—સુખ કયું?

ગુરૂ—સર્વ સંગથી વિરામ પામવું તે.

શિષ્ય—સત્ય કયું?

ગુરૂ—પ્રાણી માત્રનું હિત કરવું તે.

શિષ્ય—પ્રાણીઓને પ્રિય શું?

ગુરૂ—પ્રાણ.

અપુર્ણ.

# આત્માને કર્મ બંધમાંથી મુકત કરવાનો ઉપાય

આ સંસારનું સ્વરૂપ ઓલખવું, એ પ્રથમતો દુર્ઘટછે. તે પછી એ સંસારમાંથી મુક્ત થવાના ઉપાયો શોધવા એ અતિ દુર્ઘટછે. તેથી પ્રથમ સંસારનું સ્વરૂપ યથાર્થ જાણી તેમાંથી મુક્ત થવાના ઉપાયો શોધવા જોઇએ. જ્યારે ભવિજનને સંસારના વિચિત્ર સ્વરૂપનું ભાન થાય એટલે તે ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાયછે. વૈરાગ્યમય હૃદયમાંથી સ્વતઃ મુક્ત થવાના ઉપાયો સુઝી આવેછે. જે ઉપાય મહોપકારી શ્રી તીર્થંકર પ્રભુએ ઉપદેશ દ્વારા સૂચિત કર્યાછે. એ દુઃખ મય સંસારમાંથી આત્માને મુક્ત કરવા માટે કર્મનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઇએ કર્મની વિવિધ પ્રકૃતિઓ અને તેના ભેદો જાણવામાં આવ્યાથી ભવિ પ્રાણી તેવા કર્મના પ્રબલ પ્રવાહમાં તણાઈ જતાં આત્માને તેઓમાંથી બચાવેછે.

તે કર્મની પ્રકૃતિના સવિસ્તર વિવેચનો તે તે વિષયના ગ્રંથોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખેલાછે. તે સર્વના સાર રૂપે **સ્થાનાંગ** (ઠાણાંગ) સૂત્રમાં ચોથા ઠાણામાં તેનું સંક્ષિપ્ત વિવેચન આ પ્રમાણે આપેલું છે. કર્મ બાંધવાના મૂલ હેતુ ચાર પ્રકારના અને ઉત્તર હેતુ સત્તાવન પ્રકારના છે. તેમાં ૧ મિથ્યાત્વ, ૨ આવૃત, ૩ કષાય, અને ૪ યોગ એ ચાર મૂલ હેતુ છે, તે ઉપરથી સત્તાવન પ્રકારના હેતુ આ પ્રમાણે પાંચ મિથ્યાત્વના, બાર આવ્રતના, પચવીશ કષાયના અને પન્નર યોગના એમ મલી સત્તાવન ઊત્તર હેતુ થાય છે. તેઓના નામ આ પ્રમાણે ૧ અભિગ્રહિક, ૨ અનભિગ્રહિક, ૩ અભિનિવેશિક, ૪ કુપ્રાવચિક અને ૫ સંશયિક એ પાંચ મિથ્યાત્વના હેતુ. ૫ પંચેંદ્રિય, અને ૬ઠું મન એ છ અનિયમિત અને ૬, ષટ્કાય જંતુની હિંસા એ બાર આવૃતના હેતુ ૪ અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા, અને લોભ તથા અપ્રત્યાખ્યાની ક્રોધ માન, માયા અને લોભતથા ૧૨ પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ તથા ૧૬ સંજ્વલન ક્રોધ, માન માયા અને લોભ ૧૭ હાસ્ય, ૧૮ રતિ, ૧૯ અરતિ, ૨૦ શોક, ૨૧ ભય, ૨૨ દુગંછા, ૨૩ પુવેદ ૨૪, સ્રીવેદ અને ૨૫ નપુંસકવેદ એ પચવીશ કષાયના હેતુ ૧ સત્યમન, ૨ અસત્યમન, ૩ મિશ્રમન અને ૪ વ્યવહારમન ૫ સત્યવચન ૬ અસત્યવચન, ૭ મિશ્રવચન અને ૮ વ્યવહારવચન, તથા ૯ ઔદારિક, ૧૦ ઔદારિકનો મિશ્ર, ૧૧ વૈક્રિય, ૧૨, વૈક્રિયનોમિશ્ર, ૧૩ આહારક ૧૪ આહારકનોમિશ્ર, અને ૧૫ કાર્મણકાય યોગ એ પંનર યોગના હેતુ એ સત્તાવન હેતુઓ જીવને કર્મ બાંધવામાં મિત્ર રૂપ ગણેલા છે.

કારણકે, તે સહચારી પણાથી જીવની સાથે અભેદ પણાને પામેછે. જીવના આ સતાવન કર્મ બંધના હેતુ રૂપ સહચારી મિત્રો ઘણાં સમર્થછે. તેઓના તાબામાં સંખ્યાતા, અસંખ્યાતા અનંતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવકો રહેછે તેઓમાં બે મિથ્યાત્વછે, તેની અંદર ઘણું તાર તમ્ય છે. તે ૧ સાદિસાંત, ૨ સાદિઅનંત, ૩ અનાદિસાંત ૪ અનાદિ અનંત એમ ચાર પ્રકારે મિથ્યાત્વનું તારમ્યછે. જે મિથ્યાત્વ વિષે ધનાસાર્થવાહ, જમાલીગોશાલો; ભવ્યસિદ્ધિકજીવ, અભવ્યસિધ્ધિક અને દુર્ભવ્યજીવના દ્રષ્ટાંત તેના તારમ્યને લઇ આગેલાછે. એવા પણ અર્થછેકે, આદિ અંત સહિત મિથ્યાછે. આદિછે અને અંત નથી એવો ભેદનથી. આદિ નહીં અને અંતછે. અને આદિ અંતછે નહીં.

પંચેંદ્રિયના તેવીશ વિષય અને તેવા બસોનેબાવન વિકારો હોય છે. શ્રવણેંદ્રિય ૧ સચિત્ત, ૨ અચિત્ત, ૩ મિશ્ર એ ત્રણ શબ્દો તે ૩ ત્રણ રાગથી ૩ ત્રણ દ્વેષથી એમ ૭ થાય, તે ૭ ગમતા અને અણગમતા એમ બાર વિકાર શ્રવણેંદ્રિયના થાય છે. ચક્ષુ ઇંદ્રિયના પાંચ વર્ણ તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર–એમ ત્રણ ત્રણ ગણતા પંનર થાય તેમને રાગ તથા દ્રેષ સાથે ગણતા ત્રીશ થાય, તે ત્રીશ ગમતા અણગમતા એ પ્રકારે લેતાં સાઠ વિકાર ચક્ષુ ઇંદ્રિયના થાય છે.

નાસિકાના બે વિકાર, સચિત્ત, અચિત્ત અને મિશ્ર સાથે લેતાં ૭ થાય. તેને રાગ તથા દ્વેષથી લેતાં બાર થાય. તે બારને ગમતા અને અણગમતા સાથે લેતા નાસિકા ઇંદ્રિયના ચોવીશ વિકાર થાય છે.

જીવ્હાના પાંચ વિકાર, તે સચિત્ત અચિત અને મિશ્ર સાથે લેતા પંનર થાય. તે પંનરને રાગ તથા દ્વેષથી લેતા ત્રીશ થાય. તે ત્રીશને ગમતા તથા અણગમતા સાથે લેતા જિવ્હા ઇંદ્રિયના સાઠ વિકાર થાય છે.

સ્પર્શના આઠ વિકાર, તે સચિત્ત, અચિત્ત અને મિશ્રની સાથે લેતા ચોવીશ થાય. તેને રાગ તથા દ્વેષથી લેતા અડતાલીશ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સર્વને ગમતા તથા અણુગમતા સાથે ગણતાં સ્પર્શ ઇંદ્રિયના છન્નુ વિકાર થાય છે.

એવી રીતે તે પંચેંદ્રિયના બસોનેબાવન વિકાર થાય છે. તેમાં કષાયના તથા ક્રોધના મલી પોણાનવસો, માનના પોણાનવસો, માયાના પોણાનવસો અને લોભના પોણાનવસો—એ ચારેના મલી એકંદર પાંત્રીસો ( ૩૫૦૦ ) ભેદ થાય છે.

ઉપર પ્રમાણે અનંતા ભેદમાં આત્મા ફસાઈ જાય છે. તે નીકલવાનો પ્રયત્ન કરે છે તથાપિ એ કર્મના મહા જાલમાંથી તદન મુક્ત થઈ શક્તો નથી. તેથી ભવિ પ્રાણીએ એ વિષયનું વિચાર શ્રેણિમાં પુનઃ પુનઃ મનન કર્યા કરવું અને તે કર્મની મલિનતામાંથી આત્માને મુક્ત કરવાના ઉપાયો વારંવાર આચરવા. તેમાં સર્વોત્તમ ઉપાય એ છે કે, યોગ, ભક્તિ, વૈરાગ્ય, અને જ્ઞાનના સદ્બોધક ગ્રંથો વાંચવા. નિવૃત્તિ અને નિષ્કૃતિ એ બે વિષયનો સતત્ અભ્યાસ કરવો. પ્રવૃત્તિ અને પ્રકૃતિ એ બંનેનું સમાલોચન કરવું. આ ઉપાય યોજવાથી એ પૂર્વોક્ત હેતુઓ જીવની સાથેની મલિન મૈત્રિને છોડી દે છે. જ્યારે તેઓ નિઃસ્નેહ થઈ જુદા પડયા એટલે આત્મા અંતરાત્માની સિદ્ધિ શ્રેણિને પ્રાપ્ત કરે છે અને અંતે નિષ્કર્મ થઈ પરમ પદને સંપાદન કરે છે.

લી. મુનિ રત્નવિજયજી.
સ્થલ ઉપરિયાલાજી તીર્થ.

# વૃત્તાંત સંગ્રહ.

## મુનિ વિહારથી થતા લાભ.

ભારત વર્ષમાં પ્રખ્યાત થઈ ગયેલા આચાર્ય શ્રી વિજયાનંદ સૂરિના પ્રશિષ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસ

For Private And Personal Use Only